# રાજકોટ મહાનગર સેવાસદન - પ્રાણી રંજાડ અંકુશ વિભાગ

# પશુપાલકો / પશુમાલિકો જોગ જાહેર નોટીસ

નામદાર ગુજરાત હાઈકોર્ટના નિર્દેશનો/હુકમો અન્વયે શહેરમાંથી રખડતા પશુ ત્રાસ અટકાવ અને નિયમનના કાયમી પગલાઓના ભાગરૂપે પશુત્રાસ અટકાવ અને નિયંત્રણ અંગેની પોલીસી – ૨૦૨૩ને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પરિપત્ર ક્રમાંક UDUHD/MSM/e-file/18/2022/7207/P Section, Date:21/08/2023 મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મંજુર કરવામાં આવેલ છે. જેની અમલવારી તા.૦૧/૧૧/૨૦૨૩ થી કરવા અર્થે પશુપાલકો/પશુમાલિકોને જાહેર નોટીસ આપી આથી સુચિત કરવામાં આવે છે.

- રાજકોટ શહેરની હદમાં રહેલા જે પશુની નોંધણી તેમજ RFID ચીપ અને ટેગ લગાડવાની બાકી હોય તેવા પશુઓને પશુ દિઠ રૂ.૨૦૦/- ભરી પશુ નોંધણી કરાવી પશુમાં RFID ચીપ અને ટેગ લગાવડાવવાની કામગીરી પશુમાલિકે સત્વરે કરવાની રહેશે.
- જે પશુમાલિકો પાસે પશુ રાખવાની પોતાની માલિકીની જગ્યા ન હોય તેઓ ૨(બે) માસ બાદ શહેરમાં પશુ રાખી શકાશે નહિ તથા તેઓએ તાત્કાલિક ધોરણે શહેર બહાર સ્વખર્ચે પશુઓ શીફ્ટ કરી દેવાના રહેશે / એનિમલ હોસ્ટેલમાં રાખવાનાં રહેશે. અન્યથા આવા પશુઓ પકડીને ઢોર ડબ્બામાં પુરવામાં આવશે. જે પરત આપવામાં આવશે નહિ.
- બે માસ બાદથી ચાર માસ સુધિ જે પશુમાલિકો પાસે પશુ રાખવાની પોતાની માલિકીની જગ્યા હોય તેવા પશુની નોંધણી તેમજ RFID ચીપ અને ટેગ લગાવવા માટેનો ચાર્જ પશુદિઠ રૂ.૧૦૦૦/- વસુલ કરવામાં આવશે.
- નવા જન્મેલ/નવા ખરીદેલ/અન્ય પાસેથી મેળવેલ/મૃત્યુ પામેલ/વેચેલ કે અન્યને આપેલ પશુની વિગતો પશુમાલિક દ્વારા એ.એન.સી.ડી.માં રજુ કરવાની રહેશે.
- જે પશુમાલિક વ્યકિતગત ધોરણે પોતાના ઉપયોગ માટે ઘરે પશુ રાખતા હોય (વધુમાં વધુ ૪ પશુઓ માટે) તેઓએ ત્રણ વર્ષ માટે રૂ.૨૫૦/- ભરી પરમીટ તથા જે પશુમાલિક પશુના દુધના વેચાણ અથવા અન્ય વ્યવસાયિક ઉપયોગ માટે પશુઓ રાખવા હોય તેઓએ ત્રણ વર્ષ માટે રૂ.૫૦૦/- ભરી ફરજીયાત પણે લાયસન્સ લેવા પ્રાણી રંજાડ અંકુશ વિભાગ, રૂમ નં.૯, ત્રીજો માળ, સેન્ટ્રલ ઝોન, રાજકોટ મહાનગરપાલિકા ખાતે/ઓનલાઈન/સિવીક સેન્ટરમાં અરજી કરી લાયસન્સ/પરમીટ મેળવી લેવાનું રહેશે.
- લાયસન્સ/પરમીટ પૂર્ણ થવાની હોય તેના એક માસ પહેલા નિયત પુરાવા સાથે અરજી કરી રીન્યુઅલ ફી ભરી લાયસન્સ/પરમીટ રીન્યુ કરાવવાનું રહેશે. મુદત પૂર્ણ થયા બાદ રીન્યુ ફી રૂ.૧૦૦/- પ્રતિ માસ લેટ ફી ચુકવવાની રહેશે.
- પાંજરાપોળ/ગૌશાળા જેવી સંસ્થાઓ કે જે ચેરીટેબલ એક્ટ હેઠળ નોંધાયેલ હોય અથવા આ પ્રકારની સરકારી માન્યતા પ્રાપ્ત સંસ્થાએ લાયસન્સ મેળવવા તેમજ લાયસન્સ ફી/પરમીટ ફી માંથી મુક્તિ મેળવવા નિયત પુરાવાઓ સહિત પ્રાણી રંજાડ અંકુશ વિભાગ, રૂમ નં.૯, ત્રીજો માળ, સેન્ટ્રલ ઝોન, રાજકોટ મહાનગરપાલિકા ખાતે અરજી કરવાની રહેશે.
- શહેરમાં નવા પશુ લાવતાં પૂર્વે રાજકોટ મહાનગરપાલિકાની મંજુરી લેવાની રહેશે. જે કોઈ પશુમાલિક/પશુપાલકો શહેરની બહારથી નવા પશુ શહેરમાં લાવે તેમણે એક માસમાં પશુની નોંધણી કરાવી, RFID ચીપ અને ટેગ લગાવડાવવી તથા પરમીટ/લાયસન્સ મેળવવાની પ્રકિયા પૂર્ણ કરવાની રહેશે.
- પશુમાં લગાવેલ ટેગ કોઈ કારણોસર તુટી ગયેલ હોય / તોડી નાખેલ હોય તો RFIDનાં આધારે વેરીફાઈ કરી રૂ.૫૦૦/- નો ચાર્જ લઈ ફરીથી ટેગ લગાવડાવવાની રહેશે.
- કોઈપણ વ્યક્તિએ / સંસ્થાએ પોતાની જગ્યામાં ઘાસચારનું વેચાણ કરવા માટે પ્રવર્તમાન કાયદા નિયમો અંતર્ગત લાયસન્સ/પરવાનગી મેળવવા માટે જરૂરી ફોર્મ તથા માહિતી પ્રાણી રંજાડ અંકુશ વિભાગ, રૂમ નં.૯, ત્રીજો માળ, સેન્ટ્રલ ઝોન, રાજકોટ મહાનગરપાલિકા ખાતે રજુ કરી લાયસન્સ/પરવાનગી મેળવી લેવાની રહેશે.
- પશુ દ્વારા કોઈ નાગરીકોને ઈજા થાય કે મૃત્યુ થાય તે અંગેની સંપૂર્ણ જવાબદારી પશુ માલિકની રહેશે.
- રખડતા પશુ પકડવાની ટીમની આસપાસ ફરતા બાઈકર્સ/શખ્સો જે કામગીરીમાં અવરોધ ઉભો કરે છે તેની અટકાયત કરી પોલીસ દ્વારા ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.
- RFID ચીપ અને ટેગ વિનાનાં પશુઓ તેમજ લાયસન્સ/પરમીટ વિનાના પશુઓ શહેરમાં રાખી શકાશે નહિ આવા પશુઓને પકડી ઢોર ડબ્બે પુરવામાં આવશે. જે પરત કરવામાં આવશે નહિ.
- પ્રથમ વખત પશુઓ પકડાય ત્યારે છોડાવવા માટે નવા મંજુર થયેલ દંડ તેમજ ખોરાકી – વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવશે. જો ઢોર બીજી વખત પકડાય તો દંડ દોઢ ગણો, ત્રીજી વખત પકડાય તો દંડ બે ગણો તથા ત્રણ કરતા વધુ વખત પકડાય તો દંડ ત્રણ ગણો વસુલ કરવામાં આવશે.
- રાજકોટ મહાનગરપાલિકા વિસ્તાર સિવાયનાં પશુપાલકોનાં પશુઓ શહેરમાંથી પકડાય અને જ્યારે પશુપાલક પશુ છોડવવા માંગે ત્યારે RFID ચીપ તથા ટેગીંગનાં ચાર્જ રૂા.૧૦૦૦/- વસૂલી ત્રણ ગણો દંડ વસુલ કરવાનો રહેશે.
- એનિમલ હોસ્ટેલમાં ગૌવંશ, ભેંસ વર્ગ તથા ઘેટા-બકરા વર્ગનાં પશુઓ રાખી શકાશે તથા એનિમલ હોસ્ટેલની ફી નવા નિયમ મુજબ વસુલ કરવાની રહેશે.

ઉપરોકત સુચનાઓ પોલીસીની અમલવારીના ભાગરૂપે પશુપાલકો/પશુમાલિકની જાણકારી માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે. જેની સબંધિતોએ નોંધ લેવી.

નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા